

શાકભાજી નર્સરીનો ઉછેર દ્વારા વધારાની આવક

શ્રી રામશીભાઈ છગનભાઈ મેટાળીયા

ગામ-પાંચવડા, તાલુકો-ચોટીલા

જીલ્લો- સુરેન્દ્રગરગુજરાત, મો.૦૯૯૦૯૫૪૭૧૨૨

વિગત

ઉંમર : ૪૬ વર્ષ

શિક્ષણ : ઓછુ ભણેલ

જમીનઃ ૨ એકર

ખેતીનો અનુભવઃ  ૨૦ વર્ષ

મુખ્યોપાકો :ખરીફ-કપાસ
રવી- જીરૂ ફળ પાકો - લીંબું

પશુધનઃ ભેંસ

**અભિગમની વિગતઃ**

શ્રી રામશીભાઈ છગનભાઈ મેટાળીયાએ સુરેન્દ્રગર જીલ્લા ના ચોટીલા તાલુકાના પાંચવડા ગામના ખુબ જ નાના ખેડૂત છે. તેઓ ખૂબ જ ઓછું ભણેલ છે. શરૂઆતમાં તેઓ લીંબુના બગીચા સાથે પોતાની જમીનમાંથી સામાન્ય પાકો લેતા હતા. ઓછી જમીનને કારણે તેઓને આર્થીક સમસ્યાંઓ રહેતી હતી. પરંતુ તેઓ ખૂબ જ મહેનતુ માણસ હતા. ત્યાીરબાદ તેઓ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર , જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, નાના કાંધાસર (ચોટીલા) ના સંપર્કમાં આવ્યા . તેઓએ કે.વી.કે.ની નર્સરી યુનિટ અને જુદા જુદા નિદર્શનો જોઈ કે.વી.કે.ના વૈજ્ઞાનિકશ્રીઓ પાસેથી તેમનું માર્ગદર્શન મેળવ્યું. તેઓ હંમેશા કે.વી.કે.ના વૈજ્ઞાનિકશ્રીઓ સાથે રૂબરૂ તેમજ ટેલીફોનીક સંપર્કથી જરૂરી માર્ગદર્શન માટે સંપર્કમાં રહેતા. શ્રી રામશીભાઈની આવડત અને કે.વી.કે.ના વૈજ્ઞાનિકશ્રીઓના પ્રોત્સાીહનથી કુટુંબના ભરણપોષણ માટેના વધારાની આવક માટે નર્સરી યુનીટની શરૂઆત કરી. શરૂઆતમાં તેમણે સ્થાટનિક ખેડૂત મિત્રોની માંગણીને પહોંચી વળવા જુદી જુદી કંપનીના હાઈબ્રીડ શાકભાજી પાકોના ધરૂંના રોપા તૈયાર કર્યા. નર્સરી યુનિટની સ્થાઅપના બાદ ફકત ૨(બે) વર્ષમાં તેમણે ૨૫ લાખ જુદા જુદા શાકભાજી પાકોના ધરૂંને તૈયાર કરી ચોટીલા તાલુકાના નજીકના ગામડાંઓમાં વેંચાણ કર્યુ. તેઓએ પોતાની આગવી આવડતથી જાહેરાત અને માર્કેટીંગથી ખુબ જ ટુંકા સમયમાં ખેડૂત મિત્રોનો વિશ્વાસ સંપાદન કરી લીધો. હાલ તેઓ ધરૂંને પ્લિગ ટ્રે માં તૈયાર કરી પોતાની જ રીક્ષા દ્વારા ખેડૂતો સુધી પહોંચાડતા થયા છે. આજે તેઓ નર્સરી યુનિટ

| | |
|---|---|
| | માંથી વાર્ષીક ૪.૦૦ લાખ વધારાની આવક મેળવતા રહેલ છે.<br>**અભિગમની ઉપયોગીતાઃ**<br>આજે આજુબાજુના ગામડાંના ખેડુતો જુદી જુદી શાકભાજીના હાઈબ્રીડ તેમજ યુનિવર્સિટીની જાતોના રોપાઓ સીધા જ તેમના ત્યાંથી મેળવતા થયા છે. આ ઉપરાંત ખેડુતો પોતાની જરૂરીયાતને અનુલક્ષીને જુદા જુદા શાકભાજીનાં પાક અને જાતના ધરૂ માટે નોંધણી કરાવતા થયા છે. |
|   |  |
| નર્સરી બોર્ડ | શાકભાજી પાકની નર્સરી |